Done

નવગુજરાત સમય
તારીખ :- 25/9/2022
વાર :- રવિવાર
પેજનંબર - 3
અમદાવાદ આવૃત્તિ

'Modi@20 Dream Meet Dellvery' વિષય ઉપર BAOUમાં વ્યાખ્યાન યોજાયું

આરોગ્ય અને કલ્યાણ મંત્રી ડો. મનસુખભાઈ માંડવિયાનું પુસ્તક પર વક્તવ્ય

નવગુજરાત સમય > અમદાવાદ

ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU) દ્વારા "Mod @20 Dream Meet Dellvery" પુસ્તક પર વ્યાખ્યાનનું આયોજન કરાયું હતું, જેમાં આરોગ્ય અને કલ્યાણ મંત્રી ડો. મનસુખભાઈ માંડવિયાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વની સફળ વિકાસયાત્રાની ઉજવણીના ભાગરૂપે "Modi@20 Dream Meet Dellvery" પુસ્તક પર વક્તવ્ય આપ્યું હતું. કાર્યક્રમની શરૂઆત મુખ્ય મહેમાન ડો. મનસુખભાઈ માંડવિયા, કુલપતિ પ્રો.ડો. અમી ઉપાધ્યાય, ગુજરાત યુનિવર્સિટીના ભૂતપૂર્વ કુલપતિ જગદીશ ભાવસાર, ચાંદલોડિયા વોર્ડના કોર્પોરેટર રાજેશ્વરીબેન પંચાલ અને કા. કુલસચિવ ભાવિન ત્રિવેદી દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરાવી હતી.



મનસુખભાઈ માંડવીયાએ દેશની પ્રગતિ અને વીસ વર્ષના કાર્યસૂચિમાં રાષ્ટ્રને પ્રાથમિકતા આપનાર વડાપ્રધાન મોદીની કાર્યશૈલી વિશે વાત કરતા રાષ્ટ્ર પ્રત્યેના તેમના સમર્પણના 20 વર્ષોમાં મોદીજીના નેતૃત્વમાં સામાન્ય જનતાના વિશ્વાસ વિશે ચર્ચા કરી હતી.

કોવિડ મહામારી દરમિયાન મેડિસીન, મહિલાઓનો વિકાસ, સફળ કોવિડ રસીકરણ જેવા વિવિધ ક્ષેત્રોમાં મોદીના સર્વગ્રાહી અભિગમની તથા સિદ્ધિઓની ચર્ચા કરી હતી. "Modi@20 Dream Meet Dellvery" પુસ્તકમાં વડાપ્રધાનની કાર્યસિદ્ધિ વિશે અભિપ્રાય આપનાર તમામ વિદ્વાનોના સંદર્ભોનો હવાલો આપીને રજૂ થયેલા વક્તવ્યની અસરકારકતાથી શ્રોતાઓ પ્રભાવિત થયા હતા.